# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક:રાપબો/ઉચ્ચકલા/૨૦૨૫-૨૬/ 2175 - 2190 તારીખ:૧૨/૦૨/૨૦૨૬

## ઉચ્ચકલા (પાંચમુ વર્ષ) પરીક્ષા- ૨૦૨૬

**જાહેરનામું:**

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ માં ઉચ્ચકલાઓના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આગામી એપ્રિલ-મે-૨૦૨૬માં લેવાનાર વાર્ષિક પરીક્ષાઓનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

આ પરીક્ષા માટેના ઉમેદવારોના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:૧૩/૦૨/૨૦૨૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા:૧૯/૦૨/૨૦૨૬ (રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) ઓનલાઇન ભરવાના રહેશે.

શિક્ષણ વિભાગના તા:૧૧/૦૭/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: ઉકશ ૧૨૨૨-૧૨૨૯-ગ.૧ થી ઉચ્ચકલાઓમાં નવા અભ્યાસક્રમને મંજૂરી આપતા અમલમાં આવેલ નવા મુજબની સમગ્ર પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ તથા જરૂરી સૂચના નીચે મુજબ છે

| ક્રમ | વિગત | છેલ્લી તારીખ / સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર ઓનલાઈન આવેદનપત્રો ભરવાનો સમયગાળો | ૧૩/૦૨/૨૦૨૬(બપોરના ૧૪:૦૦ કલાક) થી ૧૯/૦૨/૨૦૨૬(રાત્રીના ૨૩.૫૯ કલાક) |
| 3 | પરીક્ષા માટેની ફી ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૧૩/૦૨/૨૦૨૬(બપોરના ૧૪:૦૦ કલાક) થી ૨૧/૦૨/૨૦૨૬(રાત્રીના ૨૩.૫૯ કલાક) |
| ૪ | સંસ્થાઓએ ઓનલાઈન ભરાયેલ આવેદન પત્રો બોર્ડને પહોચાડવાની છેલ્લી તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| ૫ | બોર્ડ દ્વારા ઉમેદવારોના બેઠક નંબર ઈ-મેઈલથી સંસ્થાઓને મોકલવાની તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ |
| ૬ | આંતરીક મુલ્યાંકનનો સમયગાળો | ૦૫/૦૩/૨૦૨૬થી ૨૪/૦૩/૨૦૨૬ |
| ૭ | સંસ્થાઓએ બોર્ડ ખાતે આંતરીક ગુણ સીલબંધ કવરમાં બોર્ડ ખાતે જમા કરાવવાની છેલ્લી તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| ૮ | સંસ્થાના આચાર્ય દ્વારા ભરાયેલ ફોર્મ ઓફલાઇન એપ્રુવ કરવાની છેલ્લી તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| ૯ | હોલ ટીકીટ ઓનલાઈન ડાઉનલોડ કરવાનો સમય | ૧૫/૦૪/૨૦૨૬(બપોરે ૨:૦૦ કલાક) થી ૨૧/૦૪/૨૦૨૬(સવારે ૧૧:૦૦ કલાક) સુધી |

❖ <u>વાર્ષિક પરીક્ષાઓની તારીખો નીચે પ્રમાણે રહેશે.</u>

| ક્રમ | પરીક્ષાનું નામ | પ્રાયોગિક પરીક્ષા શરૂ થવાની તારીખ | પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ થવાની તારીખ | મૌખિક પરીક્ષા શરૂ થવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | એપ્લાઈડ આર્ટ પાંચમું વર્ષ | ૨૧/૦૪/૨૦૨૬ | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૯/૦૫/૨૦૨૬ |
| ૨ | ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ | ૨૧/૦૪/૨૦૨૬ | ૦૨/૦૫/૨૦૨૬ | ૦૫/૦૫/૨૦૨૬ |
| ૩ | શિલ્પ પાંચમું વર્ષ | ૨૧/૦૪/૨૦૨૬ | ૨૬/૦૫/૨૦૨૬ | ૨૯/૦૫/૨૦૨૬ |

❖ **<u>પરીક્ષાનું માધ્યમ</u>** :પ્રશ્નપત્રોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે.

❖ **<u>પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગેની અગત્યની સૂચનાઓ</u>::**

આ જાહેરનામા સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **૧૩/૦૨/૨૦૨૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા:૧૯/૦૨/૨૦૨૬ (રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી)** દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online' ઉપર Click કરવું.
- **તમારી પરીક્ષા** સામે Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Formદેખાશે Application Formમાં * નિશાનીવાળી તમામ માહિતી ફરજિયાત ભરવાની રહેશે.
- **<u>હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.</u>**
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photograph પર Click કરો. અહીં તમારો **<u>Application Number</u>** Type કરો અને તમારી Birth Date selectકરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરો.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (15Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Preview & Confirm Application પર Click કરો.અહીં તમારો **<u>Application Number</u>** Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. **<u>અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.</u>**
- અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક Online ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ અરજી માન્ય ગણાશે.

## ❖ ફી ભરવાની રીત:

1. ઉમેદવાર/સંસ્થાએ ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD (Debit/Credit Card)/NET BANKING થી પરીક્ષા ફી ભરવાની રહેશે.
2. એક જ વિદ્યાર્થીની ઓનલાઈન ફી જમા કરાવવા માટે **"Print Application/Challan"**વિકલ્પ પસંદ કર્યા બાદ કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખની વિગતો ભરવી.ત્યાર બાદ **"Online Payment"**વિકલ્પ પસંદ કરવો.
3. એક કરતા વધુ વિદ્યાર્થીની ફી જમા કરાવવા માટે **"Print Application/Challan"** વિકલ્પ પસંદ કર્યા બાદ **"Multiple Payment"**વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ એક પછી એક વિદ્યાર્થીના કન્ફર્મેશન નંબર એડ કરવા સાથે સાથે વિદ્યાર્થીનું નામ પણ ચેક કરવું. ત્યાર બાદ **"Submit"** વિકલ્પ પસંદ કરવો.
4. ત્યાર બાદ આપેલ વિકલ્પોમાંથી **Debit Card, Credit Card or Net Banking Of Fee** યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી.
5. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ હશે તો **"Successful"**ટ્રાન્ઝેકશન દર્શાવેલ **e-receipt** મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી.
6. જો ફી જમા થયા બાદ **"Successful"**ટ્રાન્ઝેકશન દર્શાવેલ **e-receipt**ન નીકળે તો ઉમેદવારે ૨૪ કલાક બાદ પુન: પ્રયત્ન કરી **e-receipt** ની પ્રિન્ટ કાઢવાની રહેશે.
7. બેંક ખાતામાંથી ફીની રકમ કપાયાના ૨૪ કલાક બાદ પણ **"Successful"** ટ્રાન્ઝેકશન દર્શાવેલ **e-receipt** જનરેટ ન થઈ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિકજરૂરી વિગતો સાથે રાજ્ય પરીક્ષા બોર્ડને ઈ-મેઈલથી જાણ કરવાની રહેશે. **(gseb21@gmail.com)**
8. ઉમેદવારે ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ, ફી ભર્યાની રિસિપ્ટ જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે સંસ્થાના આચાર્યશ્રીને જમા કરાવવાના રહેશે.
9. તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો અને ફી ભર્યા બદલની **e-receipt** આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે તા : ૨૪/૦૨/૨૦૨૬ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાના રહેશે.
10. આચાર્યશ્રીએ આ તમામ આવેદનપત્રો, તેમાં ભરેલ વિગતો આધારો વિગેરે કાળજી પૂર્વક ચકાસીને, આ તમામ વિદ્યાર્થીઓની પરીક્ષામાં બેસવાની પાત્રતા ચકાસીને, તા:૦૬/૦૪/૨૦૨૬ સુધીમાં ઓફલાઇન વેરિફાઇ(એપ્રુવ/રીજેક્ટ) કરેલી યાદી બોર્ડના ઇમેલ એડ્રેસ gseb21@gmail.com પર મોકલી આપવાની રહેશે. આંતરિક પરીક્ષામાં નાપાસ ઉમેદવાર એપ્રુવ ન થાય તે જોવાની જવાબદારી સબંધિત સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.

## ❖ ઉમેદવારો માટે સૂચનાઓ:

- ઉમેદવાર તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.
- ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ ની વેબસાઇટ www.sebexam.org પર વખતોવખત મુકવામાં આવતી સુચનાઓ અનુસરવાની રહેશે.

## ❖ સંસ્થાઓએ કરવાની કાર્યવાહી :

- આ જાહેરનામાની જાણ સંસ્થાના નિયમિત અને અગાઉનાં વર્ષોમાં નાપાસ થયેલ કે ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને કરવાની રહેશે.

- **ઉચ્ચકલા પરીક્ષા માટે એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ , શિલ્પ પાંચમાં વર્ષની પરીક્ષા માટે ૭૫% હાજરી પૂર્ણ કરેલ હોવી જોઈએ. ખુટતી હાજરી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ જવાબદાર રહેશે નહી. પરીક્ષાના અંતિમ પેપર સુધીની હાજરી માન્ય ગણાશે.**
- **સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની સંસ્થામાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષાના અંતિમ દિવસ સુધીમાં નિયત હાજરી પૂર્ણ થતી હોય તેવા વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં પ્રવેશ માટેની હોલ ટીકીટ (પ્રવેશપત્ર) આપવાનું રહેશે**
- સંસ્થાના નિયમિત અને રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો સમય મર્યાદામાં ONLINE ભરાવીને જરૂરી ચકાસણી કરી સહી-સિક્કા સાથે પ્રમાણિત કરવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.
- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા (લેખિત/પ્રાયોગિક/મૌખિક) માં પાસ થવાનું ધોરણ ૩૫% છે. આંતરિક પરીક્ષાના ચાલુ શૈક્ષણિક સત્રના ના દરેક વિષયમાં પાસ થવાનું ધોરણ ૪૦% છે.
- **આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહીં**. આ સુચનાનો દરેક સંસ્થાઓએ કડક અમલ કરવાનો રહેશે.
- આંતરીક પરીક્ષાના તમામ વિષયોનું વર્ષો વર્ષનું સંસ્થા કક્ષાએ થયેલ મુલ્યાંકન જે-તે સંસ્થાએ પોતાના રેકર્ડમાં સાચવવાનું રહેશે. જે જરૂર જણાયે સંસ્થા પાસેથી માંગવામાં આવશે. આંતરિક પરીક્ષાના વિષયોમાં નાપાસ થયેલ વિદ્યાર્થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી જે-તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.
- આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીને એપ્રુવ કરવામાં આવશે અથવા પરીક્ષામાં ઉપસ્થિત થવાના કિસ્સામાં જે-તે સંસ્થાના આચાર્ય દ્વારા બોર્ડને ગેરમાર્ગે દોરી વિદ્યાર્થીને અનઅધિકૃત રીતે પરીક્ષા અપાવવા બદલ ગેરરીતિ ગણવામાં આવશે.
- ઉમેદવારે/સંસ્થાએ ONLINE આવેદનપત્ર ભરતી વખતે અટક,નામ,પિતાનું નામ, જન્મ તારીખ,જાતિ અને રિપીટરના કિસ્સામાં વિષય જેવી વિગતો પૂરી કાળજીથી ભરવી. પ્રથમ વર્ષનાં આવેદનપત્ર ભરતી વખતે માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્કશીટ મુજબ અને બીજા વર્ષનાં આવેદનપત્ર ભરતી વખતે પ્રથમ વર્ષની માર્કશીટ મુજબ વિગતો ભરવી.
- પરીક્ષા ફી ભરાયેલ ન હોય તેવા ઉમેદવારોના આવેદનપત્રો સ્વીકારવાના નથી.
- શિક્ષણ વિભાગના તા:03/06/૨૦૧૯, ઠરાવ ક્રમાંક: ઉકશ/૧૨૨૦૧૯/૭૧૫/ગ-૧૧ અન્વયે રાજ્યની બિન-સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોમાં ફાઇન આર્ટ્સ (એપ્લાઇડ આર્ટ, પેઇન્ટિંગઅને શિલ્પ) ના પ્રથમ વર્ષ ફાઉન્ડેશનના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાની હાલની કેંદ્રિયકૃત અને ઓનલાઇન પ્રવેશ પધ્ધતિને બદલે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી પ્રવેશની કામગીરી એ.ટી.ડી. અને ફાઇન આર્ટ્સનો અભ્યાસક્રમ ચલાવતી રાજ્યની સબંધિત બિન-સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોને નિયત શરતોને આધિન સોંપવાનો સરકારશ્રીના નિર્ણય અન્વયે સંયુક્ત શિક્ષણ નિયામક, કમિશ્નર શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેંદ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર દ્વારા મોક્લવામાં આવેલ યાદી મુજબ ફાઇન આર્ટ્સના ફાઉન્ડેશનમાં વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માં (પાંચમા વર્ષ) લેવાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય ચાલુ વર્ષે આવેદનપત્રો બોર્ડ ખાતે જમા કરાવવા આવો ત્યારે નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા મોકલવામાં આવેલ આપની સંસ્થા ખાતે પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓની એપ્રુવ કરેલ યાદી તથા આ યાદી પૈકી જેટલા વિદ્યાર્થીઓએ આ વર્ષે પરીક્ષા આપવા માટે આવેદનપત્ર ભર્યા (આચાર્યએ એપ્રુવ કરેલ) હોય, તેઓની આચાર્યશ્રીના સહી સિક્કા સાથેની અલગ યાદી એમ કુલ બે યાદી જમા કરાવવાની રહેશે.
- નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા મોકલવામાં આવેલ એપ્રુવ યાદી સીવાયના એટલેકે જેને એપ્રુવ ન કરવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓના આવેદન પત્રો સંસ્થા દ્વારા બોર્ડને રજૂ થશે તો આવા કિસ્સામાં સંસ્થાના આચાર્ય દ્વારા બોર્ડને ગેરમાર્ગે દોરી અનઅધિકૃત વિદ્યાર્થીઓને કોર્ષ કરાવી પરીક્ષામાં ઉપસ્થિત કરાવવા બદલ ગેરરીતિ ગણવામાં આવશે.

- સંસ્થાએ સંસ્થા અને વિદ્યાર્થીના રજૂ કરવાના જરૂરી આધારો/પ્રમાણપત્રોની તમામ વિગતોની ચકાસણી કરીને યોગ્ય રીતે ફાઇલીંગ કરી તથા સંસ્થાઓએ તમામ આવેદનપત્રોની સોફ્ટકોપી (સી.ડી.) તથા હાર્ડકોપી તા:૨૪/૦૨/૨૦૨૬ ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર -૨૧ ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

## ❖ પરીક્ષા ફી ની વિગત:

ઉમેદવારે "ફી ભરવાની રીત " માં દર્શાવ્યા મુજબની રીતે ઓનલાઇન ફી ભરવાની રહેશે.

**રાજય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી થયેલ પરીક્ષાર્થી દીઠ પરીક્ષા ફી ની વિગત આ મુજબ રહેશે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | આવેદનપત્ર ફી | રજી. ફી | પરીક્ષા ફી | ગુણપત્રક ફી | પ્રમાણપત્ર ફી | માઈગ્રેશન ફી | કુલ પરીક્ષા ફી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્લાઈડ આર્ટ પાંચમું વર્ષ | 25 | 100 | 575 | 25 | 50 | 25 | **800** |
| ૨ | ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ | 25 | 100 | 775 | 25 | 50 | 25 | **1000** |
| 3 | શિલ્પ પાંચમું વર્ષ | 25 | 100 | 775 | 25 | 50 | 25 | **1000** |
| ૪ | બોર્ડની પરીક્ષાના વિષયોમાં રિપિટર વિદ્યાર્થીઓ માટે | 25 | - | 100 (માત્ર બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના વિષયો દિઠ) | 25 | - | - | - |

- નોંધ:- ઉપરોક્ત વિગતે દર્શાવેલ ફીના ધોરણો કરતા પરીક્ષા ફીના સંદર્ભમાં કોઈપણ પ્રકારની વધુ ફીની રકમ કોઈ તાલીમી સંસ્થા લઈ શકશે નહીં.

## ❖ આવેદનપત્રો તથા અન્ય સાહિત્ય જમા કરાવવા બાબત :

સંસ્થાએ નીચે દર્શાવેલ વિગતે આધારો સાથે ફાઇલ તથા અન્ય સાહિત્ય રજૂ કરવાનું રહેશે.

### (A)ફાઈલ નંબર-1 માં સામેલ રાખવાના આધારો:

(1) નીચેના નમૂનામાં વિગતો ભરીને સંસ્થાના લેટરપેડ પર ફોરવર્ડીંગ લેટર.

(2)

| ક્રમ | પરીક્ષા | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|---|
| 1 | એપ્લાઇડ આર્ટસ નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 2 | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ નિયમિતપરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 3 | સ્કલ્પચર નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| ૪ | એપ્લાઇડ આર્ટસ રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| ૫ | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| ૬ | સ્કલ્પચર રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| | કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |

(3) **નીચે દર્શાવેલ વિગત મુજબ કોર્ષવાર અલગ-અલગ યાદી (સોફ્ટ કોપી તથા હાર્ડ કોપી )**

આ યાદી : ક્રમ, પરીક્ષાર્થીનું નામ (અટક-પરીક્ષાર્થીનું નામ-પિતાનું નામ), ભરેલ ફી , કન્ફર્મેશન નંબર તથા રીમાર્કસ એમ પાંચ કોલમમાં પત્રક બનાવીને મુકવું.

- ઉચ્ચકલાઓના પ્રથમ વર્ષમાં પ્રવેશ સમયે નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા એપ્રુવ થયેલ પ્રવેશ યાદીની નકલ
- ઉચ્ચકલાઓના પ્રથમ વર્ષની એપ્રુવ થયેલ પ્રવેશ યાદી પૈકી પરીક્ષા આપવા માટે આવેદનપત્ર ભરનાર વિદ્યાર્થીઓની (આચાર્યએ એપ્રુવ કરેલ) તે જ ક્રમ અનુસારની આચાર્યના સહી સિક્કા સાથેની યાદી. (રિપિટર વિદ્યાર્થી માટે જે-તે વર્ષની એપ્રુવ કરેલ યાદીમાં રિપિટર વિદ્યાર્થીનું નામ હાઇલાઇટ કરી રજૂ કરવી.)
    - એપ્લાઇડ આર્ટસ નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
    - ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
    - સ્કલ્પચર નિયમિત પરીક્ષાર્થીઓની યાદી

➢ એપ્લાઇડ આર્ટસ રીપીટર પરીક્ષાર્થીઓની યાદી
➢ ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ રીપીટર પરીક્ષાર્થીઓની યાદી
➢ સ્કલ્પચર રીપીટર પરીક્ષાર્થીઓની યાદી

તેમજ ઉપરોક્ત યાદીની ચેકકરેલી સોફ્ટ કોપી (C.D.) તથા હાર્ડ કોપી મુકવી. C.D. ઉપર સંસ્થાનું નામ અને કોડ ન ભુસાઈ ન જાય તે રીતે લખવો અને સીડીને યોગ્ય કવરમાં જમા કરાવવી.

**(B) ફાઈલ નંબર-2 માં સામેલ રાખવાના આધારો:**

પરીક્ષાર્થીઓના ONLINE ભરેલ આવેદનપત્રો પર આચાર્યશ્રીના સહી-સિક્કા કરી ઉપરોક્ત વિગતે ફાઈલ નં-1 માં જણાવ્યા અનુસાર(A)(1)માં દર્શાવેલ સંખ્યા મુજબ (A)(2) અનુસારની યાદીવાર ક્રમમાં સેપરેટર પાના સાથે આ આવેદનપત્રોને ફાઈલ કરી ફાઈલ પર નીચે દર્શાવેલ ફોર્મેટમાં પત્રક બનાવી પેસ્ટ કરવું.

| ક્રમ | વિગત | માહિતી (અંગ્રેજીમાં આપવી) | |
|---|---|---|---|
| ૧ | કોલેજનું નામ | PHONE NO. : | |
| ૨ | કોલેજનું સરનામું | AT&POST : VIA :<br>TALUKA: DISTRICT : | |
| 3 | કોલેજના આચાર્યશ્રીનું નામ | મોબાઈલ નં : | |
| ૪ | અવેદનપત્રોની સંખ્યા | એપ્લાઇડ આર્ટસ નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | સ્કલ્પચર નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | એપ્લાઇડ આર્ટસના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | સ્કલ્પચરના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા: | |

**(C) ફાઈલ નંબર-3 માં સામેલ રાખવાના આધારો:**

**ઉપરોક્ત યાદી અનુસારના ઉમેદવારોના નીચે મુજબના લાગુ પડતા આધારોને ફાઈલ કરી પાના નં આપવા.**

- ધોરણ-10/12 ની બોર્ડની માર્કશીટની નકલ.(દરેક કોર્ષના નિયમિત પરીક્ષાર્થી માટે)
- એપ્લાઇડ આર્ટસ કોર્ષના પાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના પાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- સ્કલ્પચર કોર્ષના પાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- ઓનલાઇન ફી ભર્યાબાદ તેની "Successful" ટ્રાન્ઝેકશન દર્શાવતી તમામ વિદ્યાર્થિઓની e-receipt જે-તે સંસ્થાના આચાર્યશ્રીએ વેરીફાઇ કરી સહી સિક્કા સાથે રજૂ કરવાની રહેશે.

❖ **પરીક્ષા કેન્દ્રની વિગત :**

- અમદાવાદ શહેર માટે અમદાવાદ શહેરની કોઇ એક સંસ્થા ખાતે
- અમદાવાદ ગ્રામ્ય માટે ધોળકા ખાતેની કોઇ એક સંસ્થાખાતે
- મહેસાણા માટે મહેસાણા ખાતેની કોઇ એક સંસ્થાખાતે
- નવસારી માટે અમલસાડ ખાતેની કોઇ એક સંસ્થાખાતે
- આણંદ માટે આણંદ ખાતેની કોઇ એક સંસ્થા ખાતે

**ખાસ નોંધ :-**

- **ઉચ્ચકલાની એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ અને શિલ્પની પરીક્ષાનું સ્થળ (બિલ્ડીંગ) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નક્કી કરશે.**

- સ્ટ્રોંગરૂમ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પોતાના અથવા કેન્દ્ર સંચાલકના તાબા હેઠળ રાખવાનો રહેશે.
- આ ત્રણેય પરીક્ષા માટે સ્થળના સ્થળ સંચાલક એક જ વ્યક્તિ રહેશે અને તેની નિમણૂક શિક્ષણાધિકારીશ્રી કરશે. જેમાં ઉચ્ચકલા સંસ્થાનો એક પણ સ્ટાફ નિયામક કે સહનિયામક તરીકે ફરજ બજાવી શકશે નહી. તેઓ માત્ર સુચારૂ વ્યવસ્થાના સહભાગી બનશે.
- દરરોજ સ્ટ્રોંગરૂમ પરથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા કેન્દ્ર સંચાલક પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ લઈ જશે.અને સાંજે તે જ સ્ટ્રોંગરૂમ ખાતે સીલ કરવાના રહેશે.
- મૌખિક પરીક્ષાઓના મુલ્યાંકન માટે બે અધ્યાપક (એક સ્થાનિક + એક બાહ્ય) ની જ્યુરી રહેશે. જે સ્થળ પર પ્રાયોગિક પરીક્ષાના નમૂનાનું પણ મુલ્યાંકન કરશે.

❖ <u>કૃપા ગુણની જોગવાઇ:</u>

- માત્ર વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ૫૦% કરતાં વધારાના ટકા દીઠ એક ગુણ પરંતુ વધુમાં વધુ ૦૫ (પાંચ) કૃપા ગુણ તરીકે મળી શકશે આ કૃપા ગુણનો લાભ વધુમાં વધુ બે જ વિષયમાં મળી શકશે.

## Drawing & Painting –V :Exam - 2026 Schuledule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલ સમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| 01 | કમ્પ્રીહેન્સિવ સ્ટડી ઓફ કન્ટેમ્પરરી આર્ટ | 3 | ૨૧/૦૪/૨૦૨૬ | મંગળ | ૧૧ થી ૨ | ૧૦૦ |
| 02 | ક્રિએટિવ આર્ટ | ૨૫ | ૨૨/૦૪/૨૦૨૬<br>૨૩/૦૪/૨૦૨૬<br>૨૪/૦૪/૨૦૨૬<br>૨૫/૦૪/૨૦૨૬<br>૨૭/૦૪/૨૦૨૬ | બુધ<br>ગુરૂ<br>શુક્ર<br>સોમ<br>શનિ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૮૦ |
| 03 or 04 | મ્યુરલ<br>પોટ્રેટ પેઇન્ટિંગ<br>(બે માંથી કોઇ એક વિષય પસંદ કરવો) | ૨૫ | ૨૮/૦૪/૨૦૨૬<br>૨૯/૦૪/૨૦૨૬<br>30/૦૪/૨૦૨૬<br>૦૧/૦૫/૨૦૨૬<br>૦૨/૦૫/૨૦૨૬ | મંગળ<br>બુધ<br>ગુરૂ<br>શુક્ર<br>શનિ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૮૦ |
| નોંધ: વિષય કોડ-2,3,4 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં સમય ૨:૦૦ થી ૩:૦૦ (૧-કલાક) વિરામ રહેશે. | | | | | | |

| DRAWING & PAINTING મૌખિક પરીક્ષા | | | | | |
|---|---|---|---|---|---|
| વિષય કોડ | વિષય | તારીખ | વાર | પ્રતિદિન સમય | ગુણ (પ્રત્યેક વિષયના) |
| 05 | ક્રિએટિવ આર્ટ | તા: ૦૫/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | મંગળ | ૧૧ થી ૫ | ૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 06 OR 07 | મ્યુરલ | તા: ૦૫/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | મંગળ | ૧૧ થી ૫ | ૨૦ |
| | પોટ્રેટ પેઇન્ટિંગ | તા: ૦૫/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | મંગળ | ૧૧ થી ૫ | ૨૦ |

❖ ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ પાંચમાં વર્ષમાં પાસિંગનું ધોરણ :

- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા (લેખિત/પ્રાયોગિક/મૌખિક) માં પાસ થવાનું ધોરણ ૩૫% રહેશે.
- આંતરિક પરીક્ષામાં પાસ થવાનું ધોરણ ૪૦% રહેશે.
- Over all (બધા વિષયોમાં) પાસિંગ ધોરણ ૪૦% રહેશે.

❖ ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ પાંચમાં વર્ષમાં આંતરિક પરીક્ષાના વિષયો:

- આંતરિક પરીક્ષાના વિષયો Annual Assignment work [Creative Art (૧૦૦ ગુણ), Print Making (૧૦૦ ગુણ) તથા Mural અને Portrait Painting પૈકી ગમેતે એક વિષય (૧૦૦ ગુણ) પસંદ કરવાનો રહેશે.]
- Dissertation તથા Project Report Work (Internship) ૫૦ ગુણ ના રહેશે.

## Applied Art-V: Exam - 2026 Schedule

| VISUALIZATION વિભાગ:કુલ ગુણ-૭૫૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલસમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
| 01 | થીયરી ઓફ એડવર્ટાઇઝીંગ | 3 | ૨૧/૦૪/૨૦૨૬ | મંગળ | ૧૧ થી ૨ | ૫૦ |
| 02 | વિઝ્યુલાઇઝેશન - ૧ | ૧૫ | ૨૨/૦૪/૨૦૨૬<br>૨૩/૦૪/૨૦૨૬<br>૨૪/૦૪/૨૦૨૬ | બુધ<br>ગુરૂ<br>શુક્ર | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૫૦ |
| 03 | વિઝ્યુલાઇઝેશન - ૨ | ૧૫ | ૨૫/૦૪/૨૦૨૬<br>૨૭/૦૪/૨૦૨૬<br>૨૮/૦૪/૨૦૨૬ | શનિ<br>સોમ<br>મંગળ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૫૦ |
| 04 | વિઝ્યુલાઇઝેશન - 3 | ૧૫ | ૨૯/૦૪/૨૦૨૬<br>30/૦૪/૨૦૨૬<br>૦૧/૦૫/૨૦૨૬ | બુધ<br>ગુરૂ<br>શુક્ર | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૫૦ |
| 05 | ટાઇપોગ્રાફી | ૨૦ | ૦૨/૦૫/૨૦૨૬<br>૦૪/૦૫/૨૦૨૬<br>૦૫/૦૫/૨૦૨૬<br>૦૬/૦૫/૨૦૨૬ | શનિ<br>સોમ<br>મંગળ<br>બુધ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૫૦ |
| નોંધ:VISUALIZATIONના વિષય કોડ- 2 થી 5 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં સમય ૨:૦૦ થી 3:૦૦ (૧-કલાક) વિરામ રહેશે. | | | | | | |

| ILLUSTRATION વિભાગ:કુલ ગુણ- ૭૫૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલ સમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
| 01 | થીયરી ઓફ એડવર્ટાઇઝીંગ | 3 | ૨૧/૦૪/૨૦૨૬ | મંગળ | ૧૧ થી ૨ | ૫૦ |
| 10 | ઇલેસ્ટ્રેશન-૧ | ૧૫ | ૨૨/૦૪/૨૦૨૬<br>૨૩/૦૪/૨૦૨૬<br>૨૪/૦૪/૨૦૨૬ | બુધ<br>ગુરૂ<br>શુક્ર | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૫૦ |
| 11 | ઇલેસ્ટ્રેશન-૨ | ૧૫ | ૨૫/૦૪/૨૦૨૬<br>૨૭/૦૪/૨૦૨૬<br>૨૮/૦૪/૨૦૨૬ | શનિ<br>સોમ<br>મંગળ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૫૦ |
| 12 | ઇલેસ્ટ્રેશન-૩ | ૧૫ | ૨૯/૦૪/૨૦૨૬<br>૩૦/૦૪/૨૦૨૬<br>૦૧/૦૫/૨૦૨૬ | બુધ<br>ગુરૂ<br>શુક્ર | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૫૦ |
| 13 | ગ્રાફિક નોવેલ | ૨૦ | ૦૨/૦૫/૨૦૨૬<br>૦૪/૦૫/૨૦૨૬<br>૦૫/૦૫/૨૦૨૬<br>૦૬/૦૫/૨૦૨૬ | શનિ<br>સોમ<br>મંગળ<br>બુધ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૫૦ |
| નોંધ:ILLUSTRATION ના વિષય કોડ-10 થી 13 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં સમય ૨:૦૦ થી ૩:૦૦ (૧-કલાક) વિરામ રહેશે. | | | | | | |

❖એપ્લાઇડ આર્ટ પાંચમાં વર્ષમાં વિષય પસંદગી :

○ ઉમેદવારોએ ઉપરોક્ત (Visualization અથવા Illustration )પૈકી કોઇ પણ એક વિભાગ પસંદ કરવાનો રહેશે.

| APPLIED ARTS : VISUALIZATION વિભાગ મૌખિક પરીક્ષા નો કાર્યક્રમ | | | | | |
|---|---|---|---|---|---|
| વિષય કોડ | વિષય | પ્રતિદિન સમય | તારીખ | વાર | ગુણ |
| 06 | વિઝ્યુલાઇઝેશન-૧ | ૧૧ થી ૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શનિ | ૫૦ |
| 07 | વિઝ્યુલાઇઝેશન-૨ | ૧૧ થી ૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શનિ | ૫૦ |
| 08 | વિઝ્યુલાઇઝેશન-૩ | ૧૧ થી ૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શનિ | ૫૦ |
| 09 | ટાઇપોગ્રાફી | ૧૧ થી ૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શનિ | ૫૦ |

| APPLIED ARTS : ILLUSTRATION વિભાગ મૌખિક પરીક્ષા નો કાર્યક્રમ | | | | | |
|---|---|---|---|---|---|
| વિષય કોડ | વિષય | પ્રતિદિન સમય | તારીખ | વાર | ગુણ |
| 14 | ઇલેસ્ટ્રેશન-૧ | ૧૧ થી ૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શનિ | ૫૦ |
| 15 | ઇલેસ્ટ્રેશન-૨ | ૧૧ થી ૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શનિ | ૫૦ |
| 16 | ઇલેસ્ટ્રેશન-3 | ૧૧ થી ૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શનિ | ૫૦ |
| 17 | ગ્રાફિક નોવેલ | ૧૧ થી ૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શનિ | ૫૦ |

❖ <u>એપ્લાઇડ આર્ટ પાંચમાં વર્ષ માં પાસિંગનું ધોરણ :</u>
  - રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા (લેખિત/પ્રાયોગિક/મૌખિક) માં પાસ થવાનું ધોરણ ૩૫% રહેશે.
  - આંતરિક પરીક્ષામાં પાસ થવાનું ધોરણ ૪૦% રહેશે.
  - Over all (બધા વિષયોમાં) પાસિંગ ધોરણ ૪૦% રહેશે.

**એપ્લાઇડ આર્ટ પાંચમાં વર્ષ આંતરિક પરીક્ષાના વિષયો :**
  - આંતરિક પરીક્ષામાં વિઝ્યુલાઇઝેશન વિભાગમાં Vizulization-૧, Vizulization-૨, Vizulization-3 (પ્રત્યેકના ૫૦ ગુણ) રહેશે. તથા Typography ના ૧૦૦ ગુણ રહેશે.
  - આંતરિક પરીક્ષામાં ઇલેસ્ટ્રેશન વિભાગમાં Illustration-૧, Illustration-૨, Illustration-3 (પ્રત્યેકના ૫૦ ગુણ)રહેશે. તથા Graphic Novel ના ૧૦૦ ગુણ રહેશે.
  - આંતરિક પરીક્ષામાં Visualization અને Illustration વિભાગ માટે Theory of Advertising ના પ્રોજેક્ટ/રિપોર્ટવર્ક ના ગુણ ૫૦ રહેશે.

## Sculpture -*V*: Exam - 2026 Schedule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલસમય (કલાકમાં) | તારીખ | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 01 | કમ્પ્રીહેન્સિવ સ્ટડી ઓફ કન્ટેમ્પરરી આર્ટ | 3 | ૨૧/૦૪/૨૦૨૬ | ૧૧ થી ૨ | ૮૦ |
| 02 OR 03 | સ્કલ્પચર કમ્પોઝિશન-૧<br>રિપ્રેઝન્ટેશનલસ્કલ્પચર<br>(અથવા)<br>મોન્યુમેન્ટલ સ્કલ્પચર | ૭૫ | ૨૨/૦૪/૨૦૨૬ થી ૦૮/૦૫/૨૦૨૬<br>:: રજાઓ ::<br>૨૬/૦૪/૨૦૨૬<br>03/૦૫/૨૦૨૬ | ૧૧ થી ૨ અને 3 થી ૫ | ૫૦ |
| 04 OR 05 | સ્કલ્પચર કમ્પોઝિશન-૨<br>નોન રિપ્રેઝન્ટેશનલ સ્કલ્પચર<br>(અથવા)<br>પોટ્રેઈટ સ્કલ્પચર | ૭૫ | ૦૯/૦૫/૨૦૨૬ થી ૨૯/૦૫/૨૦૨૬<br>:: રજાઓ ::<br>૧૦/૦૫/૨૦૨૬<br>૧૭/૦૫/૨૦૨૬<br>૨૪/૦૫/૨૦૨૬ | ૧૧ થી ૨ અને 3 થી ૫ | ૫૦ |
| નોંધ: વિષય કોડ-2 થી 5 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં સમય ૨:૦૦ થી 3:૦૦ (૧-કલાક) વિરામ રહેશે. | | | | | |

| Sculpture - V : મૌખિક પરીક્ષા નો કાર્યક્રમ | | | | | |
|---|---|---|---|---|---|
| વિષય કોડ | વિષય | પ્રત્યેક દિવસ સમય | તારીખ | વાર | ગુણ |
| 06 OR 07 | રિપ્રેઝન્ટેશનલ સ્કલ્પચર (અથવા)મોન્યુમેન્ટલ સ્કલ્પચર | ૧૧ થી ૫ | ૨૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શુક્ર | ૫૦ |
| 08 OR 09 | નોન રિપ્રેઝન્ટેશનલ સ્કલ્પચર (અથવા) પોટ્રેઈટ સ્કલ્પચર | ૧૧ થી ૫ | ૨૯/૦૫/૨૦૨૬ થી પૂર્ણ થાય ત્યાં સુધી | શુક્ર | ૫૦ |

❖ **શિલ્પ પાંચમાં વર્ષ નવા કોર્ષમાં વિષય પસંદગી :**

- વિદ્યાર્થીઓએ ઉપરોક્ત Sculpture Composition-1 ના પેટા વિષયો રિપ્રેઝન્ટેશનલ સ્કલ્પચર અને મોન્યુમેન્ટલ સ્કલ્પચર પૈકી કોઇ એક વિષય પસંદ કરવાનો રહેશે.
- વિદ્યાર્થીઓએ ઉપરોક્ત Sculpture Composition-2 ના પેટા વિષયો નોન રિપ્રેઝન્ટેશનલ સ્કલ્પચર અને પોટ્રેઈટ સ્કલ્પચર પૈકી કોઇ એક વિષય પસંદ કરવાનો રહેશે.

❖ **શિલ્પ પાંચમાં વર્ષ નવા કોર્ષમાં પાસિંગનું ધોરણ :**

- o રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા (લેખિત/પ્રાયોગિક/મૌખિક) માં પાસ થવાનું ધોરણ ૩૫% રહેશે.
- o આંતરિક પરીક્ષામાં પાસ થવાનું ધોરણ ૪૦% રહેશે.
- o Over all (બધા વિષયોમાં) પાસિંગ ધોરણ ૪૦% રહેશે.

❖ **શિલ્પ પાંચમાં વર્ષ નવા કોર્ષમાં આંતરિક પરીક્ષાના વિષયો :**

- o આંતરિક પરીક્ષામાં Sculpture Composition-1 ના તથા Sculpture Composition-2 પ્રત્યેક ના Annual Assignment Work ૫૦ ગુણના રહેશે. Project Report Work CSCAA (૨૦ ગુણ)
- o આંતરિક પરીક્ષામાં એસાઇનમેન્ટ Dissertation, Outdoor Study અને Drawing પ્રત્યેકના ગુણ ૫૦ રહેશે.
- o આંતરિક પરીક્ષાના કુલ ગુણ ૨૭૦ રહેશે.

(પી.કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ:૧૨/૦૨/૨૦૨૬

❖ **નકલ જાણ અર્થે રવાના:**

- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેંદ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઇઆરટી સેકટર -૧૨, ગાંધીનગર

❖ <u>**નકલ જરૂરી કાર્યવાહી તથા જાહેરનામાનો અમલ કરવા સારૂ :**</u>

(1) આચાર્યશ્રી, ઉચ્ચકલા સંસ્થાઓ (તમામ)

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સંબધિત

(3) હિસાબી અધિકારીશ્રી, સદર કચેરી